## સંક્ષિપ્ત સમાચાર

### ગોધરાના પ્રેમ પ્રકાશ આશ્રમ ખાતે વિશ્વ રક્તદાતા દિવસ ઉજવાયો, ૩૪૧ યુનિટ રક્ત એકત્ર કર્યું



**ગોધરા :** વિશ્વ રક્તદાતા દિવસ તેમજ સંતોની પુણ્યતિથિના પાવન અવસરે ગોધરા સ્થિત પ્રેમ પ્રકાશ આશ્રમ ખાતે એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં રક્તદાતાઓએ ભારે ઉત્સાહ દર્શાવતા બપોરે ત્રણ વાગ્યા સુધીમાં જ ૩૪૧ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યને બિરદાવવા માટે પંચમહાલ જિલ્લા કલેક્ટરે રૂબરૂ મુલાકાત લઈ રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો અને સર્વેને શુભકામનાઓ પાઠવી હતી. આ રક્તદાન શિબિરમાં ગોધરાના જાણીતા રક્તદાતા હોતચંદ ધમવાની (બાબુજી) સૌ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા હતા. તેમણે પોતાના જીવનમાં ૧૫૫મી વખત રક્તદાન કરીને સમાજ સમક્ષ માનવતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### હાલોલ ખાતે કિચન ગાર્ડનિંગ માટે બે દિવસીય પ્રાકૃતિક ખેતી આધારિત તાલીમ વર્કશોપનું આયોજન



**હાલોલ :** 13 અને 14 જૂન, 2026 દરમિયાન ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે માનનીય કુલપતિ ડો.સી. કે.ટીમ્બડીયા ના અધ્યક્ષતા હેઠળ bank of baroda હાલોલ ના સહયોગથી તથા સૃષ્ટિ ફાઉન્ડેશન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે "કિચન ગાર્ડનિંગ (ઘરઆંગણે પોષણ બગીચો)" વિષયક બે દિવસીય તાલીમ વર્કશોપનું ડો.રશ્મિકાંત ગુર્જર વિસ્તરણ શિક્ષણ નિયામક ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય હેતુ ઘરઆંગણે શાકભાજી, ફળ અને ઔષધીય પાકોનું પ્રાકૃતિક પદ્ધતિઓ દ્વારા ઉત્પાદન કરી પોષણ સુરક્ષા અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો હતો.

### એરાલ ગામે ૨૧ વર્ષની યુવતીની લાશ ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવી



**કાલોલ :** કાલોલ તાલુકાના એરાલ ગામે એક કરુણ ઘટનામાં 21 વર્ષીય યુવતીએ પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા સમગ્ર પંથકમાં શોક અને ચકચાર વ્યાપી ગઈ છે. ઘટનાને લઈને વેજલપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, એરાલ ગામના પાણીયા ફળિયામાં રહેતા ગુલસિંહ સનાભાઈ રાઠવાની પુત્રી રીંકુબેન ગુલસિંહ રાઠવા (ઉં.વ. 21)એ ગત 12 જૂન, 2026ના રોજ બપોરે આશરે 12:30 વાગ્યાના સુમારે પોતાના ઘરના પાછળના ભાગે આવેલા રૂમમાં અગમ્ય કારણોસર ઓઢણી વડે લાકડાના વળા સાથે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધુ હતુ.

### પંચમહાલમાં જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી ગોધરા ખાતે થશે



**ગોધરા :** માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુ સાથે આગામી ૨૧મી જૂનના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ઉજવવામાં આવનાર જિલ્લા કક્ષાના યોગ દિવસના સુચારૂ આયોજન અર્થે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર અજય દહિયાએ જણાવ્યું હતું કે, યોગ વિદ્યા એ પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને મળેલી અમૂલ્ય ભેટ છે. આ દિવસની ઉજવણી પંચમહાલ જિલ્લામાં વ્યાપક સ્તરે અને સફળતાપૂર્વક થાય તે માટે તમામ વિભાગોએ પરસ્પર સંકલન સાધીને કામગીરી કરવાની રહેશે.

---

**પીપલોદની જૂની રેલવે ફાટક પર મોતનો નજારો જોવા મળ્યો**

## ૭૦થી વધુ ગામના લોકો અને વિદ્યાર્થીઓ અસુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી પસાર થાય છે

**૨૦ વર્ષથી ઓવરબ્રિજની માંગકરાઇ છે જે આજદિન સુધી કોઇ સાંભળતુ નથી**



(પ્રતિનિધિ) સિંગવડ, તા.15

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના પીપલોદ ગામમાં મેન બજાર નજીક આવેલી જૂની રેલવે ફાટક અને જુના રણધીકપુર રોડ વિસ્તાર આજે પણ મોતના માર્ગ તરીકે ઓળખાઈ રહ્યો છે. વર્ષોથી લોકો જીવના જોખમે રેલવે ટ્રેક ઓળંગીને અવરજવર કરવા મજબૂર બન્યા છે, છતાં તંત્ર અને જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. આ માર્ગ પરથી મધ્યસ્થ શાળા, કમલ હાઈસ્કૂલ અને તેજસ વિદ્યાલયના આશરે 2000 વિદ્યાર્થીઓ દરરોજ પસાર થાય છે. ઉપરાંત દેવગઢ બારીયા કોલેજોમાં અભ્યાસ માટે જતા આશરે 800 વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુના 60થી 70 ગામોના 4000થી વધુ રાહદારીઓ રોજિંદી અવરજવર માટે આ જોખમી માર્ગનો ઉપયોગ કરે છે. આમ, દરરોજ હજારો લોકો અકસ્માતના ભય વચ્ચે રેલવે ટ્રેક ક્રોસ કરવા મજબૂર બન્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા 20 વર્ષથી ફૂટ ઓવરબ્રિજની માંગ કરવામાં આવી રહી છે. અનેક વખત ખાતમુહૂર્ત અને જાહેરાતો થઈ હોવાના દાવા થયા, પરંતુ કામ માત્ર કાગળો સુધી જ સીમિત રહ્યું છે. હાલનો ઓવરબ્રિજ વાહનો માટે છે, જ્યારે પગપાળા જતા લોકોને ત્રણ કિલોમીટરનો વધારાનો ફેરો કરવો પડે છે. પરિણામે લોકો સીધા ટ્રેક પરથી પસાર થાય છે. વર્ષો દરમિયાન આ સ્થળે અનેક રેલવે અકસ્માતો અને જાનહાનિની ઘટનાઓ બની ચૂકી છે. તેમ છતાં તંત્રની નિષ્ક્રિયતા અને બેદરકારી સામે લોકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોનો સીધો સવાલ છે કે જો આવતીકાલે કોઈ વિદ્યાર્થી કે નિર્દોષ નાગરિકનો જીવ જાય તો તેની જવાબદારી કોણ લેશે? ગ્રામજનોએ રેલવે વિભાગ, જિલ્લા વહીવટીતંત્ર, સાંસદ અને લોકપ્રતિનિધિઓને ચેતવણીભર્યા સ્વરે માંગ કરી છે કે પીપલોદની જૂની ફાટક ખાતે તાત્કાલિક ફૂટ ઓવરબ્રિજનું નિર્માણ શરૂ કરવામાં આવે, નહીં તો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર જાગે તેવી જનતાની તીવ્ર માંગ છે.

---

**વેજલપુર પોલીસની માનવતાવાદી કામગીરી**

## આંધ્રપ્રદેશની અસ્થિર મગજની મહિલા માટે 'શી-ટીમ' બની દેવદૂત



(પ્રતિનિધિ) કાલોલ, તા.15

વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સામે આવી છે પંચમહાલ ગોધરાના પોલીસ અધીક્ષક ડૉ. હરેશભાઈ દુધાત અને કાલોલ વિભાગના નાયબ પોલીસ અધીક્ષક નવીન આહિરના માર્ગદર્શન હેઠળ કાર્યરત વેજલપુર પોલીસે એક અસ્થિર મગજની અજાણી મહિલાને યોગ્ય સારવાર અને આશ્રય અપાવી માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે મળતી માહિતી મુજબ, વેજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જી.કે. વહુનીયાની સૂચનાથી શી-ટીમ અને પોલીસ સ્ટાફ દ્વારા દિવસ-રાત કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સઘન પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે આ દરમિયાન જીતપુરા ગામે વડના ઝાડ નીચે એક આશરે ૪૫ વર્ષની અજાણી અસ્થિર મગજની મહિલા બેઠેલી હોવાની માહિતી ૧૦૦ નંબર પરથી પોલીસને મળી હતી માહિતી મળતા જ ૧૧૨ જનરક્ષક વાહન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને મહિલાને સુરક્ષિત રીતે વેજલપુર પોલીસ સ્ટેશન લાવવામાં આવી હતી પોલીસ ઈન્સ્પેક્ટર જી.કે. વહુનીયાએ આગળની કાર્યવાહી માટે આ કેસ 'શી-ટીમ'ને સોંપ્યો હતો શી-ટીમ દ્વારા પ્રેમ અને સહાનુભૂતિપૂર્વક પૂછપરછ કરતાં મહિલાએ હિન્દી ભાષામાં પોતાનું નામ 'ગંગાબાવાની' અને પિતાનું નામ 'આપારામ' હોવાનું જણાવ્યું હતું, તેમજ પોતે આંધ્રપ્રદેશ રાજ્યની હોવાનું કહ્યું હતું.

---

**પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો દાખલ કર્યો**

## કાલોલમાં પીપલ્સ બેંક પાસેથી બે ટ્રેક્ટરોમાંથી બેટરીઓની ચોરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.15

કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે પાર્ક કરેલા ટ્રેક્ટરોમાંથી બેટરીઓની ચોરી થવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કાલોલ પીપલ્સ બેન્કની પાછળ, આંગણવાડીની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાંથી અજાણ્યા ચોર ઈસમો રૂ. ૧૨,૦૦૦ ની કિંમતની બે બેટરીઓની ચોરી કરી રફુચક્કર થઇ ગયા છે.ફરિયાદી હસમુખભાઇ ગોપાલજી વણઝારા (ઉ.વ. ૨૬, રહે. કાલોલ ઈન્દિરાનગર તળાવ વિસ્તાર), જેઓ ઈંટોના ભઠ્ઠા પર ડ્રાઈવિંગ અને મજૂરી કામ કરે છે, તેમણે કાલોલ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ:ગત ૧૦ જૂન ૨૦૨૬ ના રોજ સાંજના આશરે છએક વાગ્યે તેમણે પોતાનું ટ્રેક્ટર (નંબર: GJ-17-CA-0736) તથા તેમના કાકા ભીમાજી રૂપાજી વણઝારાનું ટ્રેક્ટર (નંબર: GJ-17-BN-5179) કાલોલ પીપલ્સ બેન્કની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું.ત્યારપછીના દિવસે એટલે કે ૧૧ જૂન ૨૦૨૬ ના રોજ સવારે અગિયાર વાગ્યાની આસપાસ જ્યારે તેઓ ઈંટોના ભઠ્ઠા પર જવા માટે ટ્રેક્ટર ચાલુ કરવા ગયા, ત્યારે બંને ટ્રેક્ટરો ચાલુ થયા ન હતા.શંકા જતા બંને ટ્રેક્ટરના બોનેટ ખોલીને જોતા અંદરથી બેટરીઓ ગાયબ જોવા મળી હતી. આસપાસના વિસ્તારમાં ઘણી શોધખોળ કરવા છતાં બેટરીઓનો કોઈ પતો મળ્યો ન હતો. ટ્રેક્ટરોમાંથી ચોરાયેલી બંને બેટરીઓની અંદાજિત કિંમત ૬,૦૦૦ લેખે કુલ ૧૨,૦૦૦ ગણાવવામાં આવી છે.આ અંગે હસમુખભાઈ વણઝારાએ ૧૪ જૂન ૨૦૨૬ ના રોજ કાલોલ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.આર મકવાણા ચલાવી રહ્યા છે.

---

**ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગ વ્યવસ્થા ગોઠવવા પણ રજૂઆત કરવામાં આવી**

## કેસરપુર હડફ નદીના બ્રિજ પર જોખમી ખાડો, સળિયા દેખાતા અકસ્માતનો ભય




(પ્રતિનિધિ) સિંગવડ, તા.15

સિંગવડ તાલુકાના કેસરપુર ગામ પાસે હડફ નદી પર આવેલા સ્ટેટ હાઈવેના બ્રિજની હાલત અત્યંત જર્જરિત બનતાં વાહનચાલકોમાં ચિંતા વ્યાપી છે. બ્રિજના મધ્ય ભાગે મોટો ખાડો પડી જતાં તેની અંદરના લોખંડના સળિયા અને એંગલ બહાર દેખાવા લાગ્યા છે, જેના કારણે કોઈપણ સમયે ગંભીર અકસ્માત સર્જાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.પીપલોદ અને સંજેલીને જોડતો આ મુખ્ય સ્ટેટ હાઈવે માર્ગ હોવાથી રોજિંદા હજારો વાહનો અહીંથી પસાર થાય છે. તેમાં કાર, મોટરસાયકલ, મુસાફર બસો, માલસામાન ભરેલી ટ્રકો, રેતી ભરેલા ડમ્પરો તેમજ સ્કૂલબસોનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને નાના બાળકોને લઈ જતી સ્કૂલબસો માટે બ્રિજની હાલત ચિંતાજનક બની છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ બ્રિજ પર પડેલો ખાડો દિવસેને દિવસે વધુ મોટો બની રહ્યો છે. રાત્રિના સમયે પૂરતા પ્રકાશના અભાવે અકસ્માતની શક્યતા વધી જાય છે. તેમ છતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા હજુ સુધી કોઈ અસરકારક મરામત કામગીરી હાથ ધરવામાં આવી નથી. ગ્રામજનોએ તંત્રને તાત્કાલિક બ્રિજનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવી જરૂરી મરામત હાથ ધરવાની માંગ કરી છે. ઉપરાંત, અકસ્માતનું જોખમ ટાળવા માટે ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગ વ્યવસ્થા ગોઠવવા પણ રજૂઆત કરવામાં આવી છે. સ્થાનિકોમાં એવી લાગણી જોવા મળી રહી છે કે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં જ તંત્ર જાગૃત બની જરૂરી પગલાં ભરે અને વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરે.

---

**જૈન સમાજના લોકોએ હાજર રહેવા આમંત્રણ**

## દાહોદમાં બે આચાર્ય ભગવંતોનું તારીખ ૧૭ના રોજ ઐતિહાસિક મિલન




(પ્રતિનિધિ) દાહોદ, તા.15

દાહોદ શહેરમાં બે આચાર્ય ભગવંતોનું આગમન થનાર છે. જૈન ધર્મના પરમ પૂજ્ય પ્રાકૃતાચાર્ય ચતુર્થ પટ્ટાધીશ આચાયશ્રી ૧૦૮ સુનિલ સાગરજી મહારાજ અને અંતર્મના આચાય પ્રસન્ન સાગરજી મહારાજ દાહોદ તરફ પદયાત્રા કરી વિહાર કરી રહ્યા છે અને આવનારી તારીખ ૧૭ ને બુધવારના રોજ બંને આચાર્યનું ઐતિહાસિક ભવ્ય મહા મિલન શહેરના સ્ટેશન રોડ ઉપર શેઠજીની નસિયાના પ્રાંગણમાં યોજાશે આ ભવ્ય ઐતિહાસિક સર્કલ દિગંબર જૈન સમાજ દ્વારા કરવામાં આવી રહી છે દાહોદમાં જૈન સમાજના શ્રદ્ધાળુ પણ દરરોજ આ ગુરુ ભગવંતો નાવિહાર અને તેમના આહાર નો લાભ મોટી સંખ્યામાં લઈ રહ્યા છે તારીખ ૧૭ ના રોજ સવારના ૭:૩૦ કલાકે શહેરના સ્ટેશન રોડ ઉપર યોજાનારા આ ઐતિહાસિક મિલનને જોવા જૈન સમાજ સહિત શહેરીજનોમાં થનગનાટ જોવા મળી રહ્યો છે આ ઐતિહાસિક અવસરના સાક્ષી બની ધર્મલાભ મેળવવા માટે સર્કલ જૈન સમાજ દ્વારા શહેરીજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે

---

## સ્ટીલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે SEPCને SAIL તરફથી 673 કરોડનો મેગા ઓર્ડર

વડોદરા : ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રોસેસ પ્લાન્ટ્સ તથા વોટર મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત SEPC લિમિટેડને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (SAIL) ના IISCO સ્ટીલ પ્લાન્ટ, બર્નપુર તરફથી 673.32 કરોડનો મહત્વપૂર્ણ એક્સપેન્શન પ્રોજેક્ટ મળ્યો છે. આ ઓર્ડર કંપનીની ઈન્ડસ્ટ્રિયલ EPC સેગમેન્ટમાં વધતી મજબૂતાઈને વધુ વેગ આપશે. 4.08 એમટીપીએ ક્રૂડ સ્ટીલ એક્સપેન્શન પ્રોજેક્ટ અંતર્ગત કંપનીને બે મુખ્ય પેકેજની કામગીરી સોંપવામાં આવી છે. જેમાં 296.77 કરોડનું કોક ઓવન BOP પેકેજ અને 376.56 કરોડનું સિન્ટર પ્લાન્ટ BOP પેકેજ સામેલ છે. કુલ 673.32 કરોડના આ પ્રોજેક્ટનું અમલીકરણ આગામી 30થી 33 મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---

**વેજલપુર ગ્રામ પંચાયતમાં કરોડોના ભ્રષ્ટાચારના આક્ષેપ**

## મહિલા સભ્યે સોગંદનામું કરી ઉચ્ચ સ્તરે તપાસની માંગ કરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.15

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં આવેલી વેજલપુર ગ્રામ પંચાયતનો વહીવટ વિવાદોના વમળમાં ફસાયો છે. પંચાયતના વોર્ડ નંબર ૮ ના મહિલા સભ્ય બદના રેહાનાબીબી મહેબુબ દ્વારા પંચાયતના વહીવટમાં ચાલતી ગંભીર નાણાંકીય ગેરરીતિઓ અંગે કાનૂની સોગંદનામું કરીને ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવતા સમગ્ર પંથકના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મહિલા સભ્ય બદના રેહાનાબીબીએ તાલુકા વિકાસ અધિકારી (TDO) કાલોલને કરેલી લેખિત ફરિયાદ અને સોગંદનામામાં જણાવ્યું છે કે, તેઓ લોકશાહી ઢબે ચૂંટાયેલા સભ્ય હોવા છતાં, પંચાયતના વર્તમાન સરપંચ અને સત્તાધીશો દ્વારા તેમને કોઈપણ પ્રકારના વિશ્વાસમાં લીધા વિના કે તેમની સંમતિ વગર મનસ્વી રીતે વિકાસના કાર્યો કરવામાં આવી રહ્યા છે. પંચાયતના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ થઈ રહ્યો હોવાનો વિરોધ તેમણે અગાઉ સામાન્ય સભામાં પણ નોંધાવ્યો હતો. સોગંદનામામાં સૌથી ચોંકાવનારો આક્ષેપ પાણીના બોર બાબતે કરવામાં આવ્યો છે. પંચાયતના અનેક વિસ્તારોમાં આવા 'ડબલ બોર' બનાવીને સરકારી નાણાંની ખુલ્લેઆમ ઉચાપત કરવામાં આવી રહી છે. આ ગંભીર ભ્રષ્ટાચારની તટસ્થ તપાસ થાય તે માટે મહિલા સભ્ય દ્વારા સોગંદનામાની નકલો કાલોલના તાલુકા વિકાસ અધિકારી ઉપરાંત પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી (DDO), જિલ્લા કલેક્ટર (ગોધરા), રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગાંધીનગર પંચાયત વિભાગના મંત્રીને પણ લેખિત પુરાવા અને અખબારી અહેવાલોની નકલ સાથે રવાના કરવામાં આવી છે.

---

**વાયબ્રન્ટ ગુજરાત રીજનલ સિમિટ-દાહોદ ૧૨ વર્ષ વિશ્વાસના ,વિકાસના , જનસેવાના**

## સ્માર્ટ સિટી દાહોદના પ્રોજેક્ટ હેઠળ રૂ. ૧૨૦ કરોડના ખર્ચે પુનર્જીવિત થઈ વિકાસ પામેલું સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ

**પર્યાવરણ સંરક્ષણ અને સામુદાયિક સહભાગિતાને પણ પ્રોત્સાહન આપવાનો છે**

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને જાહેર ઉપયોગિતાઓ વિશે જાણીએ**

ગંદાપાણી શુદ્ધિકરણ પ્લાન્ટ તથા શુદ્ધ કરાયેલા પાણીના પુનઃ ઉપયોગની વ્યવસ્થા, ફિશ ફાઉન્ટેન અને ફ્લોટિંગ ફાઉન્ટેન સિસ્ટમ, ભવિષ્યના વિકાસ માટે બિનઉપયોગી જગ્યાનું સુવ્યવસ્થિત સંચાલન, સુરક્ષા કક્ષ અને સ્ટાફ રૂમ જેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.





(પ્રતિનિધિ) દાહોદ, તા.2

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સમગ્ર દેશ અત્યારે વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના સફળ ૧૨ વર્ષની ઉજવણી કરી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જનસેવા અને વિકાસના સફળતાપૂર્વક પૂર્ણ થયેલા ૧૨ વર્ષના શાસન દરમિયાન દાહોદ જિલ્લાના શહેરી વિકાસ હેઠળ દાહોદ જિલ્લાની ઓળખ સમા સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે. સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ એ વિકાસ પ્રોજેક્ટ હેઠળનું એક પરિવર્તનકારી શહેરી વિકાસની પહેલ છે, જેનો હેતુ છાબ તળાવ અને તેની આસપાસના વિસ્તારોને પુનર્જીવિત કરીને એક આકર્ષક અને જીવંત સામુદાયિક કેન્દ્ર તરીકે વિકસાવવાનો છે. ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુંદર લેન્ડસ્કેપિંગ, ફૂડ કોર્ટ, બગીચાઓ, વોકિંગ અને સાયકલિંગ ટ્રેક તેમજ સ્માર્ટ ટેક્નોલોજી આધારિત સુવિધાઓ દ્વારા આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય નાગરિકોના શહેરી જીવનની ગુણવત્તામાં વધારો કરવાનો છે, સાથે સાથે પર્યાવરણ સંરક્ષણ અને સામુદાયિક સહભાગિતાને પણ પ્રોત્સાહન આપવાનો છે. આ એક મહત્વપૂર્ણ અને માઈલસ્ટોન સમાન પ્રોજેક્ટ છે, જે ૪૦ મહિનાના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. ૧૨૦ કરોડ છે, જેમાં ૫ વર્ષના સંચાલન અને જાળવણીનો પણ સમાવેશ થાય છે. પ્રોજેક્ટની સુવિધાઓ અને મુખ્ય ઘટકોની વાત કરીએ તો આ તળાવની ફરતે સુંદર બગીચાઓ અને લેન્ડસ્કેપ વિસ્તાર, સૈફી ગાર્ડન, જવાહર ગાર્ડન, મા ભારતી ગાર્ડન, એસ.ટી.પી. ગાર્ડન, સૌંદર્યીકરણ અને લેન્ડસ્કેપિંગ કાર્ય, મનોરંજન અને જાહેર સુવિધાઓ, ઓપન એમ્ફિથિયેટર, ઓપન જિમ અને બાળકો માટે રમત-ગમતનાં સાધનો, સાયકલ ટ્રેક અને વોકિંગ ટ્રેક, મેન્યુઅલ તથા ઈલેક્ટ્રિક સાયકલની સુવિધા, ૬ બેઠકો ધરાવતી ગોલ્ફ કાર્ટ સેવા, બોટિંગ સુવિધા (સંબંધિત મંજૂરીને આધિન) જેવી અનેકો સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

---

**પોલીસ-દુકાનદારોના સંકલનથી માનવતાની મિસાલ**

## પાવાગઢમાં ખોવાયેલા ૧૨ જેટલા બાળકોનુ પરિવાર સાથે મિલન



(પ્રતિનિધિ) હાલોલ, તા.15

પાવાગઢ ડુંગર પર દરરોજ હજારો શ્રદ્ધાળુઓ દર્શન માટે આવે છે. ભારે ભીડને કારણે ઘણીવાર નાના બાળકો પોતાના પરિવારથી અલગ પડી જતા હોય છે. આવી સ્થિતિમાં મદદરૂપ થવા માટે પાવાગઢ પોલીસ અને સ્થાનિક વેપારીઓ દ્વારા એક વિશેષ વોટ્સએપ ગ્રુપ કાર્યરત છે. આ ગ્રુપ મારફતે ખોવાયેલા બાળકો તેમજ યાત્રિકોની સમસ્યાઓ અંગે તાત્કાલિક માહિતીની આપ-લે કરવામાં આવે છે. રવિવારે દર્શન દરમિયાન 10થી 12 જેટલા બાળકો પરિવારથી વિખુટા પડી ગયા હતા. કોઈ બાળક એકલો મળી આવતાં સ્થાનિક દુકાનદારો તેને પોતાની દુકાનમાં સુરક્ષિત રાખતા હતા અને તરત જ તેનો ફોટો તથા વિગતો વોટ્સએપ ગ્રુપમાં શેર કરતા હતા. બીજી તરફ, પોતાના બાળકોને શોધી રહેલા વાલીઓને પણ આ ગ્રુપ દ્વારા બાળક અંગેની માહિતી ઝડપથી મળી રહેતી હતી. દરમિયાન એક મૂંગો બાળક પણ પરિવારથી વિખુટો પડી ગયો હતો. બાળક પોતાની ઓળખ આપી શકતો ન હોવાથી તેને પાવાગઢ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યો હતો. બીજી તરફ, બાળકના માતા-પિતાએ હાલોલ ટાઉન પોલીસ મથકે બાળક ગુમ થયાની અરજી નોંધાવી હતી. બંને પોલીસ મથકો વચ્ચે થયેલા સંકલન અને માહિતીના આધારે બાળકની ઓળખ થઈ હતી અને અંતે તેને સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત એક દિવ્યાંગ બાળક પરિવારથી છૂટો પડી જતા પાવાગઢ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. સુનિલ શર્મા તેની મદદે દોડી આવ્યા હતા. તેમણે બાળકની સંભાળ રાખી તેના પરિવારને શોધી કાઢવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.